U

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૦/૨૩-૨૪/ 1353 તારીખ : 21 SEP 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૦/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા,**
**રાધાકૃષ્ણ નગર સામે, મીરાપાર્ક રોડ,**
**પ્લોટ નં-૪-૫,**
**સુભાષનગર પાંચપડા,**
**બોટાદ.**

**મો.નં-૯૯૦૪૧ ૫૪૨૮૭**

**વિષય :** **નવું ઘર વપરાશનું કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૦૭/૦૮/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૧/૦૮/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૩-૨૪/૧૨૨૮ તા.૧૪/૦૮/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૩-૨૪/૧૨૫૨ તા.૨૩/૦૮/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૬/૦૯/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી-૨,બોટાદ.**

U



ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૦/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૬/૦૯/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા, મું.બોટાદની નવું ઘર વપરાશનું કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૦/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૩–૨૪/૧૨૨૮ તા.૧૪/૦૮/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન.એન.અમીન, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે.**

૧.૧ હું ભરતભાઈ અરજણભાઈ બોળીયા તા.૦૫.૦૨.૨૩ ના રોજ નવા ઘર વપરાશ વીજ જોડાણ લેવા માટે દસ્તાવેજ ની નકલ આધારકાર્ડ, રેશનકાર્ડ અને વેરા પહોંચ નિયમ મુજબ ફોર્મ ભરી આપી માંગણી મુકેલ.

૧.૨ જયારે મને તા.૦૭.૦૮.૨૦૨૩ ના રોજ મૌખિક જણાવેલ કે, અન્ય લોકો ના પૈસા બાકી છે જે તમારે ભરવાના છે તો જ વીજ જોડાણ મળશે. આ જગ્યા ઉપર પીજીવીસીએલ નું બીલ બાકી નથી તેમજ અન્ય જગ્યાએ પણ કોઈ રકમ બાકી નથી. તેમ છતાં વીજ જોડાણ આપવા બાબતે ઈન્કાર કરે છે તો આ અંગે મને ન્યાય આપવા વિનંતી.

U



☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સદર અરજદાર દ્વારા તેમની રજુઆત સાથે બીડેલ દસ્તાવેજોમાં અરજદારની સહીની જગ્યાએ સહી પણ કરેલ નંથી. એટલે કે તેઓએ સપુર્ણ વિગત ભરીને અરજીપત્ર તૈયાર કરેલ નથી અને ઓનલાઈન રજીસ્ટ્રેશન પણ કરાવેલ નંથી.

૨.૨ પીજીવીસીએલ વીજ કંપનીના પ્રવર્તમાન ધારા–ધોરણ મુજબ નવીન વીજ–જોડાણ અંગેની અરજીઓ એન.ડી.કેટેગરીમાં એટલે કે ઘરવપરાશ, વાણિજય અને ઔધોગિક હેતુ માટેના નવીન વીજ જોડાણની માંગણી ઓનલાઈન પોર્ટલ દ્વારા કરવામાં આવે છે અને તેના દસ્તાવેજી વેરિફિકેશન વગેરે કોર્પોરેટ ઓફિસના સીપીસી યુનીટ દ્વારા જ એસઆર જનરેટ કરવામાં આવે છે. આમ સદર ફરિયાદ રજુઆતમાં કરેલ રજુઆત તદન પાયાવિહોણી છે.

૨.૩ હાલ તેઓએ પ્લોટનું વેચાણ દસ્તાવેજ બીડેલ છે તે જગ્યા રે.સ.નં.૬૬૦/૪ ની જમીન એ ૧–૨૬ ૧/૨ ગુંઠા ની જમીન રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ થયવેલ જમીનમાં આવેલ પ્લોટ નં.૫ ની જમીન ચોરસ મીટર ૧૦૨ (ચોરસ વાર ૧૨૨) ના દસ્તાવેજ વાળી જગ્યાએ બે માળનું મકાન આવેલ છે.

૨.૪ સદર જગ્યાએ અગાઉ શ્રી અરજણભાઈ કુકાભાઈ બોળીયાના નામે ઘરવપરાશનું મીટર લાગેલ હતું. જેના ગ્રાહક નંબર–૮૫૮૦૨/૦૮૭૪૩/૯ હતા એ જગ્યાએ લાગેલ વીજ મીટરના ગ્રાહક શ્રી અરજણભાઈ કુકાભાઈ બોળીયાની તે સમયે બાકી રકમ રૂા.૧૪,૬૫૩/– રૂપિયા હોવાથી સદર વીજ–મીટરની NPDC CR નં-૫૪૭૮૬ તા.૩૦.૧૧.૨૦૨૨ રોજ થયેલ છે.

૨.૫ અગાઉના વીજ ચોરીના કેસની લ્હેણી રકમ રૂા.૧,૨૫,૦૪૬/– રૂપિયા બાકી હોવાથી શ્રી અરજણભાઈ કુકાભાઈ બોળીયાના કોર્ટની દરખાસ્તની જપ્તી માટે તા.૨૧.૧૧.૨૦૨૨ ના રોજ પીજીવીસીએલ અધિકારી અને બેલીફ વગેરે અધિકારી કર્મચારીઓ સ્થળ પર ગયેલ તે સમયે અરજદારશ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા ઉર્ફે મુન્નાભાઈ *અરજણભાઈ બોળીયા સ્થળ પર હાજર હતા અને તમોએ જણાવેલ કે તેમના મકાન સામે આવેલ મકાનમા તેમના પિતાશ્રી અરજણભાઈ કુકાભાઈ બોળીયા રહે છે. તેમ છતાં, તે સમયે તેમના મકાનમાં લાગેલ વીજ જોડાણ પણ શ્રી અરજણભાઈ કુકાભાઈ બોળીયા ના નામે ગ્રાહક નં–૮૫૮૦૨/૦૮૭૪૩/૯ થી ધરાવતા હતા. તેની રકમ રૂા.૧૪૬૫૩/– + વ્યાજની રકમ બાકી હતી તે રકમ પણ તેમના દ્વારા આજ દિવસ સુધી ભરપાઈ કરેલ નથી.*

૨.૬ વધુમાં, અરજદારશ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયાના વડીલો કે અરજણભાઈ કુકાભાઈ બોળીયા, કુકાભાઈ બેચરભાઈ બોળીયાના વીજ–ચોરીના કેસની લ્હેણી રકમ રૂા.૭૨૩૭૩/– રૂપિયા બાકી હોવાથી શ્રી કુકાભાઈ બેચરભાઈ બોળીયાની સામે કોર્ટની દરખાસ્તની જપ્તી માટે વગેરેના કામે પણ અરજદારશ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા દ્વારા લ્હેણી રકમ ભરવા આવવાનું જણાવીને આગળની ઘટતી કાર્યવાહી અરજદાર દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ છે અને તે સમગ્ર હકીકતે અરજદાર સુમાહિતગાર છે.

૨.૭ અરજદારશ્રી ભરતભાઈ અરજણભાઈ બોળીયા દ્વારા સદરહુ રકમ ભરપાઈ કરી આપશું તેવી મૌખિક બાંહેધરી જપ્તી સમયે વારંવાર પણ આપેલ અને તેઓના પિતાશ્રી બીમાર હોઈ હોસ્પિટલમાં સારવાર ચાલતી હોવાની વાતને આગળ ધરીને અને ત્યારબાદ તેઓ ભાઈઓ દ્વારા સંકલન કરી લ્હેણી રકમ ભરપાઈ કરવાની વ્યવસ્થા કરવાની મૌખિક બાંહેધરી આપેલ છે. તેમ છતાં, આજદિન સુધી અરજદાર દ્વારા કોઈપણ રકમ ભરપાઈ કરેલ નંથી.

આમ, અરજદાર પીજીવીસીએલની બાકી લ્હેણી રકમ ભરતા નંથી અને તેમની મરજી મુજબ પીજીવીસીએલ કંપની સામે ખોટી અરજી તૈયાર કરેલ છે. જે પીજીવીસીએલ વિજ કંપનીના રેકોર્ડ પરથી ફલિત થાય છે. આમ સદર અરજીમાં કરેલ રજુઆત તદન ખોટી છે અને ઉપજાવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર બોળીયા ભરતભાઈ અરજણભાઈ, બોટાદ દ્વારા નવા ઘર વપરાશ નું કનેકશન પ્રતિવાદી દ્વારા આપવામાં ન આવતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૦૬.૦૯.૨૦૨૩ એ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં વાદી તથા પ્રતિવાદી એ હાજર રહી લેખિત તેમજ મૌખિક રજુઆતો કરેલ છે.

U

૩.૩ રજુ થયેલ રેકર્ડ અને મૌખિક રજુઆતોને ધ્યાને લેતાં, ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, વાદી દ્વારા માંગવામાં આવેલ ઘર વપરાશના કનેકશનની જગ્યા રે.સ.નં.૬૬૦/૪ ની જમીન એ ૧–૨૬/૨ ગુંઠા ની જમીન પર આવેલ પ્લોટ નં.૫ ની જમીન ચો.મી ૧૦૨ (૧૨૨ ચો.વાર) ની જગ્યા પર બે માળ નું મકાન છે જે જગ્યા અગાઉ શ્રીઅરજણભાઈ કુકાભાઈ બોળીયાના નામે હતું જેનો ગ્રાહક નં.૮૫૮૦૨/૦૮૭૪૩/૯ હતો તથા જે તે સમયે તે કનેકશનની બાકી રકમ રૂા.૧૪,૬૫૩/– હોવાથી વીજ મીટર તા.૩૦.૧૧.૨૦૨૨ ના રોજ ઉતારી પીડીસી કરેલ છે. તદુપરાંત, આ કનેકશન સામે અગાઉ પણ વીજ ચોરીના કેસની બાકી રકમ રૂા.૧,૨૫,૦૪૬/– પણ અરજણભાઈ કુકાભાઈ બોળીયાના નામે બોલે છે. જે અંગેના કોર્ટની દરખાસ્તની જપ્તી માટે તા.૨૧.૧૧.૨૦૨૨ના રોજ કાર્યવાહી કરતા પણ હાલના કબ્જેદાર કે અગાઉના કબ્જેદાર દ્વારા નાણાં ભરેલ નંથી.

૩.૪ આ તબકકે ફોરમે પણ એ બાબતની નોધ લીધી છે કે, પ્રતિવાદી દ્વારા અગાઉના વીજ ચોરીના બાકી લેણાં બાબતે કોર્ટનો જપ્તી ઓર્ડર હોવા છતાં વસુલાત કરેલ નંથી. તેમજ તે જ કનેકશનમાં હાલના કબ્જેદાર એટલેકે આ કેસના અરજદાર ને કનેકશન પુરતી ચકાસણી વગર આપેલ છે તેમજ તેના નાણા પણ હાલના અરજદારે રૂા.૧૪,૬૫૩ + વ્યાજ આજદીન સુધી ભરેલ નંથી. આમ, પીજીવીસીએલ દ્વારા કોઈ પ્રકારની રીકવરી અંગે નિયમોનુસાર કાર્યવાહી કરેલ નંથી.

૩.૫ હાલ અરજદાર તેના કબ્જાના સમયના બાકી લેણાં રૂા.૧૪,૬૫૩/– + વ્યાજ ભરવા તૈયાર છે. પરંતુ, તે જ જગ્યાનું અગાઉનું લ્હેણું પણ વસુલવું બાકી હોય આવા સજોગોમાં જીઈઆરસીના સપ્લાય કોડ નં ૪.૩૦ મુજબ જગ્યા પર બાકી લ્હેણું હોઈ, જો તે ભરપાઈ ન થાય તો અરજદાર નવું કનેકશન તે સ્થળે મેળવવા હકદાર રહેતો નથી.

૩.૬ આથી હુકમ કરવામાં આવે છે કે, જો અરજદાર સદરહું સ્થળ પરનું જુનું તમામ લ્હેણું ભરપાઈ કરી આપે તો જ પ્રતિવાદી એ નવું કનેકશન આપવું, તદુપરાંત ઉપરોક્ત 3.3 ની વિગતે બાકી રહેતી રકમની વસુલાત માટે તેમજ જુના કોર્ટ કેસ મુજબના ચુકાદા મુજબ બાકી લેણાંની વસુલાત માટે કાર્યવાહી કરવામાં બેદરકાર અધિકારી/કર્મચારીઓ સામે ખાતાકીય કાર્યવાહી કરવી તેમજ કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ ફોરમને કરવાનો રહેશે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**( જે. એન ગોસાઈ )**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૬/૦૯/૨૦૨૩.